
બ્રાન્ડેડ ફ્રેમ • કોસ્મેટીક કોન્ટેક્ટ લેન્સ • ગોગલ્સ
Shades
SUKHARAM OPTICAL HOUSE
સુખારામ ઓપ્ટીકલ હાઉસ
સુખારામ આઈ ક્લીનિક (Only On Appointment Basis)
કોમ્પ્યુટરાઈઝડ આઈ ટેસ્ટીંગ કોન્ટેક્ટ લેન્સ ક્લીનિક
યુ-૧ થી ૪,ત્રિભુવન કોમ્પલેક્ષ,પીઝાહટની બાજુમાં,ઘોડદોડ રોડ, સુરત.
ફોન : 2666806, મો. 78744 44876 (પાર્કીંગની વ્યવસ્થા)



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા



"સૈની ઈન્ડિયા" એક સંપૂર્ણ પાવર સોલ્યુશન આપતી કંપની
છેલ્લા 32 વર્ષથી સમગ્ર ગુજરાતમાં પાવર જનરેશન ક્ષેત્રે અગ્રણી
સિંગલ યુનિટમાં આપે છે 3000 KVA સુધીના પાવર જનરેટરની ક્ષમતા

► When the worlds sleeps
► Our power keeps working
► Ensures uninterrupted Performance
► 24x7 service
► 365 days a year
► Because downtime is not an option
► Soundless power
SAINI INDIA
Empowering the nation
(A Rakesh Saini Enterprise)
SINCE 1989
૩૧-૦૩-૨૦૨૬ પહેલાં ડીજી સેટ ખરીદો અને મેળવો ૨ + ૩ વર્ષની વધારાની વોરંટી
Plot No. 992, Road No. 87, G.I.D.C, Sachin, Surat, Gujarat-394230
Email Id. hp@sainiindia.co.in | Website. www.sainiindia.co.in
Mo.: 95123 55591 | Office : 99041 55591 | 99044 55591



માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ અંક : ૩૨ * * * સંવત ૨૦૮૨ વૈશાખ સુદ ત્રીજ, સોમવાર ૨૦ એપ્રિલ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯

પાનાં ૧૨+૮ કિંમત ₹ ૫.૦૦


### આવતીકાલે પાકિસ્તાનમાં મંત્રણાનો બીજો રાઉન્ડ યોજાવાની આશા વચ્ચે ટ્રમ્પની નવી ધમકી

# ઈરાન કરાર ન કરે તો તમામ પાવરપ્લાન્ટ ઉડાવી દેવાશે

**અમેરિકી** મંત્રણા ટીમ પાકિસ્તાન જઇ રહી હોવાની જાહેરાત, ટીમનું નેતૃત્વ જેડી વાન્સ જ કરશે

**ઇરાનના** કિલિંગ મશીનનો અંત લાવવાનો સમય આવી ગયો હોવાનું ટ્રમ્પે કહ્યું

**ઇરાને** મંત્રણા અંગે સ્પષ્ટ નિવેદન આપ્યું નહીં, હજી પણ મતભેદો હોવાનું જણાવ્યું

**વોશિંગ્ટન, તા. 19(એપી):** અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે ઈરાન સાથેની મંત્રણા માટે અમેરિકન વાટાઘાટકારો સોમવારે પાકિસ્તાનમાં હશે. આ સાથે જ ટ્રમ્પે ચેતવણી આપી હતી કે જો ઇરાન કરાર કરશે નહીં તો તેના તમામ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવવામાં આવશે. મંગળવારે મંત્રણાનો બીજો રાઉન્ડ યોજાઈ શકે છે.

ટ્રમ્પે રવિવારે સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં વિગત આપી ન હતી કે ઈસ્લામાબાદમાં ઈરાન સાથેની બીજા તબક્કાની પ્રત્યક્ષ મંત્રણા માટે અમેરિકા કયા અધિકારીઓને મોકલશે. ઈરાને તાત્કાલિક આ વાતચીતની પુષ્ટિ કરી નથી, પરંતુ શનિવારે મોડી રાત્રે સરકારી ટેલિવિઝન પર પ્રસારિત એક ઈન્ટરવ્યુમાં તેના મુખ્ય વાટાઘાટકાર અને સંસદના સ્પીકર મોહમ્મદ બઘેર કાલીબાફે જણાવ્યું હતું કે, "રાજદ્વારી ક્ષેત્રે કોઈ પીછેહઠ કરવામાં આવશે નહીં." સાથે જ તેમણે સ્વીકાર્યું હતું કે બંને પક્ષો વચ્ચે હજુ પણ મોટું અંતર છે. પોતાની પોસ્ટમાં ટ્રમ્પે ઈરાન પર શનિવારે હોર્મુઝની સામુદ્રધુનીમાં ગોળીબાર કરીને યુદ્ધવિરામ સમજૂતીનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યો હતો. સાથે જ તેમણે ધમકી આપી હતી કે જો ઈરાન અમેરિકા દ્વારા આપવામાં આવેલ સોદાનો સ્વીકાર નહીં કરે, તો તેઓ ઈરાનના નાગરિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો નાશ કરશે. ટ્રમ્પે લખ્યું હતું કે, જો તેઓ (કરાર) નહીં સ્વીકારે, તો અમેરિકા ઈરાનના દરેક પાવર પ્લાન્ટ અને દરેક બ્રિજને તોડી પાડશે. ટ્રમ્પની આ જાહેરાત એવા સમયે આવી છે જ્યારે એક અઠવાડિયા પહેલા 11 અને 12 એપ્રિલના રોજ ઈસ્લામાબાદમાં અમેરિકા અને ઈરાન વચ્ચે સંઘર્ષ ખતમ કરવાના ઉદ્દેશ્યથી દુર્લભ સીધી વાતચીત થઈ હતી, જે કોઈ પણ સમજૂતી વિના પૂર્ણ થઈ હતી.

ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, મારા પ્રતિનિધિઓ ઈસ્લામાબાદ, પાકિસ્તાન જઈ રહ્યા છે - તેઓ વાતચીત માટે આવતીકાલે સાંજે ત્યાં હશે. ટ્રમ્પે ફોક્સ ન્યૂઝને જણાવ્યું હતું કે, જેરેડ કુશ્નર અને સ્ટીવ વિટકોફ મધ્ય પૂર્વ જઈ રહ્યા છે. બાદમાં વ્હાઈટ હાઉસની જાહેરાત આવી હતી કે આ ટીમનું નેતૃત્વ પણ ઉપરાષ્ટ્રપ્રમુખ જે.ડી. વાન્સ જ કરશે, જેમણે પ્રથમ મંત્રણામાં પણ અમેરિકાની ટીમનું નેતૃત્વ કર્યું હતું. તેઓ સોમવારે રવાના થશે અને તેમની બેઠક મંગળવારે સવારે શરૂ થશે. આ એક ખૂબ જ સરળ સોદો છે, તેઓ તેના મોટાભાગના મુદ્દાઓ પર સહમત થયા છે. ઉલ્લેખનીય છે કે અમેરિકા અને ઈરાન વચ્ચે 8 એપ્રિલે થયેલ બે અઠવાડિયાનો યુદ્ધવિરામ 22 એપ્રિલે સમાપ્ત થઈ રહ્યો છે. જે.ડી. વેન્સના નેતૃત્વમાં પ્રથમ રાઉન્ડની વાતચીત 21 કલાક સુધી ચાલી હતી પરંતુ તે સ્થાયી શાંતિ માટે કોઈ સમજૂતી પર પહોંચવામાં નિષ્ફળ રહી હતી.

હોર્મુઝની સામુદ્રધુની પરનો વિવાદ, જે પ્રથમ રાઉન્ડની વાતચીતનો મુખ્ય મુદ્દો હતો, તે શનિવારે વધુ વકર્યો હતો. ઈરાને આ સાંકડી સામુદ્રધુની પાર કરવાનો પ્રયાસ કરી રહેલા જહાજો પર ગોળીબાર કર્યો અને માર્ગ બંધ કરી દીધો હતો, જ્યારે અમેરિકાએ ઈરાની બંદરોની નાકાબંધી ચાલુ રાખી હતી. ટ્રમ્પે હોર્મુઝની સામુદ્રધુનીમાં જહાજો પર ગોળીબાર કરીને યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરવા બદલ ઈરાની રિવોલ્યુશનરી ગાર્ડ કાઉન્સિલની આકરી ટીકા કરી હતી. તેમણે લખ્યું કે, ઈરાને ગઈકાલે હોર્મુઝની સામુદ્રધુનીમાં ગોળીબાર કરવાનું નક્કી કર્યું - જે આપણા યુદ્ધવિરામ કરારનું સંપૂર્ણ ઉલ્લંઘન છે! તેમણે આરોપ લગાવ્યો કે ઈરાની દળોએ ફ્રેન્ચ જહાજ અને બ્રિટિશ માલવાહક જહાજ સહિતના જહાજોને નિશાન બનાવ્યા હતા. જો કે, ટ્રમ્પે શનિવારે હુમલાનો શિકાર બનેલા બે ભારતીય જહાજોનો કોઈ ઉલ્લેખ કર્યો ન હતો. રવિવારે ટ્રમ્પે કહ્યું હતું કે, ઈરાનની આ કિલિંગ મશીનનો અંત લાવવાનો સમય આવી ગયો છે. તેમણે ધમકી આપી હતી કે જો ઈરાન અમેરિકાની ઓફર સ્વીકારશે નહીં, તો તેઓ ત્યાંના નાગરિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નષ્ટ કરી દેશે. રાષ્ટ્રપતિએ ઉમેર્યું કે, અમે ખૂબ જ વાજબી સોદો ઓફર કરી રહ્યા છીએ, અને મને આશા છે કે તેઓ તેને સ્વીકારશે. કારણ કે જો

...અનુસંધાન પાના 2 પર

## ટ્રમ્પ આવવાની શક્યતાને પગલે ઇસ્લામાબાદ સહિતના વિસ્તારોમાં કડક સુરક્ષા વ્યવસ્થા

ઇસ્લામાબાદ, તા. ૧૯: વિદેશી પ્રતિનિધિમંડળોના ઇસ્લામાબાદ આગમનને કારણે, રેડ ઝોન અને એક્સટેન્ડેડ રેડ ઝોન તમામ પ્રકારના ટ્રાફિક માટે સંપૂર્ણપણે બંધ રહેશે, તેમ ઇસ્લામાબાદ પોલીસે તેના સત્તાવાર X એકાઉન્ટ પર જણાવ્યું હતું. પોલીસે વધુમાં કહ્યું કે, નાગરિકોને વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવા અને ટ્રાફિકનો પ્રવાહ સુગમ રાખવા તથા સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ટ્રાફિક પોલીસને સહકાર આપવાની સલાહ આપવામાં આવે છે. પોલીસ પ્રવક્તાના જણાવ્યા અનુસાર, ઇસ્લામાબાદને અડીને આવેલા રાવલપિંડી શહેરમાં 10,000 થી વધુ પોલીસ જવાનો તૈનાત કરવામાં આવ્યા છે અને 600 થી વધુ ચેકપોસ્ટ બનાવવામાં આવી છે. આ સુરક્ષા પ્રોટોકોલ રાજધાની શહેરમાં પણ લાગુ કરવામાં આવી રહ્યો છે. સત્તાવાળાઓએ જાહેરાત કરી છે કે રવિવાર મધરાતથી નૂર ખાન એરબેઝ અને ઇસ્લામાબાદ ઇન્ટરનેશનલ એરપોર્ટની આસપાસના અનેક સંવેદનશીલ વિસ્તારોને સીલ કરી દેવામાં આવશે. નૂર ખાન એરબેઝ રાવલપિંડીમાં આવેલું છે, જ્યારે ઇસ્લામાબાદ ઇન્ટરનેશનલ એરપોર્ટ પંજાબ પ્રાંતના અટોક

...અનુસંધાન પાના 2 પર



## નાસાના નાઈટ મેપમાં યુપી-બિહારનો ઝગમગાટ

**વૈજ્ઞાનિકોએ** આ નકશો બનાવવા નવ વર્ષ સુધી રોજ રાત્રે લેવાયેલી લગભગ 1.6 મિલિયન ઉપગ્રહ તસવીરોઓનું વિશ્લેષણ કર્યું

**ઉત્તર** પ્રદેશ અને બિહારમાં રાત્રિના સમયે વધેલી રોશની ઝડપથી વધેલા શહેરી વિકાસને આભારી હોવાનું તારણ

**નવી દિલ્હી, તા. 19 :** નાસા દ્વારા તાજેતરમાં બહાર પાડવામાં આવેલ રાત્રિના સમયનો ઉપગ્રહ નકશો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. તે ઉત્તર પ્રદેશ અને બિહારને વિશ્વના કેટલાક સૌથી તેજસ્વી વિસ્તારો તરીકે દર્શાવે છે. નાસાએ સેટેલાઇટ છબીઓના આધારે એક નવો વૈશ્વિક નકશો બહાર પાડ્યો.

આ નકશો દર્શાવે છે કે 2014થી 2022 દરમિયાન પૃથ્વીની વૈશ્વિક રાત્રિના પ્રકાશમાં 16% નો ચોખ્ખો વધારો જણાયો છે. વૈજ્ઞાનિકોએ આ નકશો બનાવવા માટે નવ વર્ષ સુધી દરરોજ રાત્રે લેવામાં આવેલી લગભગ 1.6 મિલિયન ઉપગ્રહ તસવીરોઓનું વિશ્લેષણ કર્યું. આ નાઇટમેપ ઉત્તર ભારતમાં, ખાસ કરીને ઉત્તર પ્રદેશ અને બિહારમાં રાત્રિના સમયે વધેલી રોશની દર્શાવે છે, જે ઝડપી શહેરી વિકાસને આભારી છે. આ સંશોધનનું નેતૃત્વ ટિયાન લી અને ઝે ઝુ દ્વારા કરવામાં આવ્યું હતું, જેમણે VIIRS નામની ખાસ ઉપગ્રહ સિસ્ટમમાંથી છબીઓનું અર્થઘટન કરવા માટે એક નવા અલ્ગોરિધમનો ઉપયોગ કર્યો હતો.

દૈનિક ઉપગ્રહ અવલોકનોમાં કૃત્રિમ લાઇટિંગને કારણે વૈશ્વિક સ્તરે રાત્રિના સમયે પ્રકાશમાં સતત વધારો જોવા મળ્યો છે, જેમાં ઉપ-સહારન આફ્રિકા અને દક્ષિણપૂર્વ એશિયામાં વધારો અને ઊર્જા સંરક્ષણ અને પ્રકાશ પ્રદૂષણ અંગેની ચિંતાઓને કારણે યુરોપમાં ઇરાદાપૂર્વક ઝાંખપ સહિત મહત્વપૂર્ણ પ્રાદેશિક ભિન્નતાઓનો સમાવેશ થાય છે. અભ્યાસે

...અનુસંધાન પાના 2 પર

## ઇરાન હાલ સીધી મંત્રણા માટે તૈયાર નહીં હોવાનો સંકેત

**ઇરાની** નાયબ વિદેશમંત્રીએ કહ્યું કે અમેરિકાની વધુ પડતી માગણીઓ રૂબરૂ મંત્રણામાં અવરોધરૂપ છે

**રૂબરૂ** બેઠક પહેલા ઇરાન માળખાગત કરારને આખરી ઓપ આપવા માગે છે

**અંતલ્યા (તુર્કી), ૧૯ એપ્રિલ (AP):** ઈરાન હજુ પણ અમેરિકાના અધિકારીઓ સાથે સીધી વાતચીત કરવા માટે તૈયાર નથી. એક વરિષ્ઠ ઈરાની અધિકારીએ શનિવારે આ વાત જણાવી હતી, જેમાં તેમણે મુખ્ય મુદ્દાઓ પર વોશિંગ્ટન દ્વારા પોતાની મહત્તમવાદી માંગણીઓ છોડવાનો ઇનકાર કર્યો હોવાનું કારણ આપ્યું હતું.

તુર્કીમાં આયોજિત ડિપ્લોમસી ફોરમ દરમિયાન એસોસિએટેડ પ્રેસ (AP) ને આપેલા ઇન્ટરવ્યુમાં ઈરાનના નાયબ વિદેશ મંત્રી સઈદ ખતીબઝાદેહે એમ પણ કહ્યું હતું કે તેમનો દેશ પોતાનું સંવર્ધિત યુરેનિયમ અમેરિકાને સોંપશે નહીં. આ સાથે તેમણે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા કરવામાં આવેલા દાવાઓને ફગાવી દીધા હતા. ખતીબઝાદેહે જણાવ્યું હતું કે, હું તમને કહી શકું છું કે કોઈ પણ સંવર્ધિત સામગ્રી અમેરિકા મોકલવામાં આવશે નહીં. આ વાત અસ્વીકાર્ય છે અને હું તમને ખાતરી આપી શકું છું કે અમે કોઈપણ ચિંતાઓનું નિરાકરણ લાવવા તૈયાર છીએ, પરંતુ અમે એવી બાબતો સ્વીકારીશું નહીં જેની શરૂઆત જ શક્ય નથી. શુક્રવારે ટ્રમ્પે કહ્યું હતું કે અમેરિકા ઈરાનમાં જશે અને બધી પરમાણુ ધૂળ લઈ આવશે. તેઓ અંદાજે ૯૭૦ પાઉન્ડ (૪૪૦ કિલોગ્રામ) સંવર્ધિત યુરેનિયમનો ઉલ્લેખ કરી રહ્યા હતા, જે માનવામાં આવે છે કે ગયા વર્ષે અમેરિકી સૈન્ય હુમલામાં ભારે નુકસાન પામેલા પરમાણુ મથકોની

...અનુસંધાન પાના 2 પર

### બે ભારતીય જહાજો પર ગોળીબાર વચ્ચે મહત્વની ઘટના

## એક ભારતીય ટેન્કર જહાજ હોર્મુઝ સલામત રીતે ઓળંગી ગયું

**'દેશ ગરિમા'** જહાજ 18મીએ આ વ્યૂહાત્મક જળમાર્ગ ઓળંગી ગયું, 22મીએ મુંબઇ પહોંચવાની ધારણા

**માર્ચની** શરૂઆતથી અત્યાર સુધીમાં આ સામુદ્રધૂનિ ઓળંગનાર આ દસમું ભારતીય જહાજ

**નવી દિલ્હી, તા. ૧૯(પીટીઆઈ):** અન્ય બે જહાજો પર ફાયરિંગ થતા તેમને પાછા ફરવાની ફરજ પડી હોવા છતાં, ભારતીય ધ્વજ ધરાવતું એક ક્રૂડ ટેન્કર હોર્મુઝની સામુદ્રધુનીમાંથી સુરક્ષિત રીતે પસાર થયું છે, જેના પગલે નવી દિલ્હીએ વેપારી જહાજોની સુરક્ષા અંગે ઈરાન સામે ચિંતા વ્યક્ત કરી છે. પશ્ચિમ એશિયાની સ્થિતિ અંગે સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી વિગતો અનુસાર, ૩૧ ભારતીય નાવિકો સાથેનું ક્રૂડ ઓઈલ ટેન્કર 'દેશ ગરિમા' ૧૮ એપ્રિલે આ વ્યૂહાત્મક જળમાર્ગ ઓળંગી ગયું છે અને તે ૨૨ એપ્રિલે મુંબઈ પહોંચે તેવી અપેક્ષા છે. શિપિંગ કોર્પોરેશન

...અનુસંધાન પાના 2 પર

## SIR તત્કાળ બંધ કરવા બૌદ્ધિકો, વકીલો, ચળવળકારોના જૂથની માગ

**માનવ** અધિકાર સંગઠન 'જનહસ્તક્ષેપ' દ્વારા દિલ્હીમાં ખાસ સેમિનાર યોજવામાં આવ્યો

**ખાસ** કરીને બંગાળમાં જે લોકોના નામ કાઢી નાખવામાં આવ્યા છે તેમને હાલની ચૂંટણીમાં મતદાન કરવા દેવાની માગ

**નાગરિકતા** નક્કી કરવાની જવાબદારી ગૃહ મંત્રાલયની છે, ચૂંટણી પંચની નહીં

**નવી દિલ્હી, તા. ૧૯(PTI):** બૌદ્ધિકો, વકીલો, વિદ્યાર્થીઓ અને સામાજિક કાર્યકરોના એક જૂથે મતદાર યાદીઓની 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવ્યુ'(SIR) પ્રક્રિયાને તાત્કાલિક બંધ કરવાની માંગ કરી છે. તેમણે આ પ્રક્રિયાને નાગરિકોના અધિકારો વિરુદ્ધ ગણાવી છે અને જૂની મતદાર યાદીઓ ચાલુ રાખવા તેમજ તેના આધારે જ ચૂંટણી યોજવાની હાકલ કરી છે.

પ્રેસ રિલીઝ મુજબ, માનવ અધિકાર સંગઠન 'જનહસ્તક્ષેપ' દ્વારા શનિવારે અહીં પ્રેસ ક્લબ ઓફ ઈન્ડિયા ખાતે આયોજિત એક સેમિનારમાં આ માંગ કરવામાં આવી હતી. પ્રેસ રિલીઝ અનુસાર, આ સેમિનારમાં પૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર એસ.વાય. કુરેશી, વરિષ્ઠ એડવોકેટ પ્રશાંત ભૂષણ, દિલ્હી યુનિવર્સિટીના પૂર્વ પ્રોફેસર બદ્રી રૈના અને પ્રેસ ક્લબ ઓફ ઈન્ડિયાના પ્રમુખ સંગીતા બરુઆ પિશારોટી સહિત અન્ય મહાનુભાવો હાજર રહ્યા હતા.

સેમિનારમાં સર્વાનુમતે એક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. ઠરાવમાં કહેવામાં આવ્યું છે કે, પશ્ચિમ બંગાળ સહિત સમગ્ર દેશમાં ચાલી રહેલી SIR પ્રક્રિયા તાત્કાલિક અટકાવવી જોઈએ. વૈકલ્પિક રીતે, જે લોકોના

...અનુસંધાન પાના 2 પર

## જહાજો પર હુમલા થતા હોર્મુઝનો માર્ગ ખુલ્લો થવાની આશા ધૂંધળી

**ઇરાનની** રાષ્ટ્રીય સુરક્ષા પરિષદે કહ્યું કે અમેરિકા નાકાબંધી કરે છે તે યુદ્ધ વિરામનો ભંગ છે

દુબઇ, તા. ૧૯: બ્રિટિશ સૈન્યના 'યુનાઈટેડ કિંગડમ મેરીટાઈમ ટ્રેડ ઓપરેશન્સ' કેન્દ્રે જણાવ્યું હતું કે, રિવોલ્યુશનરી ગાર્ડની ગનબોટ્સે એક ટેન્કર પર ગોળીબાર કર્યો હતો અને એક પ્રોજેક્ટાઈલ કન્ટેનર જહાજ સાથે અથડાયું હતું, જેનાથી કેટલાક કન્ટેનરને નુકસાન થયું હતું. શનિવારે બે ભારતીય જહાજો પર પણ ગોળીબાર થયો હતો.

ઈરાનના નાયબ વિદેશ મંત્રી સઈદ ખતીબઝાદેહે 'ધ એસોસિએટેડ પ્રેસ'ને જણાવ્યું હતું કે, અમેરિકા ગેરસમજણભરી ગણતરીઓ દ્વારા આંતરરાષ્ટ્રીય સમુદાય અને વૈશ્વિક અર્થતંત્રને જોખમમાં મૂકી રહ્યું છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે અમેરિકા સમગ્ર યુદ્ધવિરામ પેકેજને જોખમમાં મૂકી રહ્યું છે. ઈરાનની સર્વોચ્ચ રાષ્ટ્રીય સુરક્ષા પરિષદે એક નિવેદન બહાર પાડીને આ નાકાબંધીને યુદ્ધવિરામનું ઉલ્લંઘન ગણાવ્યું હતું અને કહ્યું હતું કે ઈરાન સમુદ્રધુનીને કોઈપણ શરતી અને મર્યાદિત રીતે ફરીથી ખોલવા પર રોક લગાવશે. આ પરિષદ

...અનુસંધાન પાના 2 પર

તા. ૧૯-૦૪-૨૦૨૬નું વડોદરા શહેરનું

### હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૯.૬° સે. | ૨૬.૮° સે. | ૨૧% |

## માર્ગ સુરક્ષા સંબંધે સુપ્રીમ કોર્ટ દ્વારા દેશભર માટે આદેશો જારી કરાયા

**રાજસ્થાન**-તેલંગાણામાં ગત નવેમ્બરમાં નોંધાયેલા ઉપરાછાપરી અકસ્માતોમાં કુલ 34નાં મોતની સુઓ મોટો નોંધ લઇને કેસ દાખલ કરીને માર્ગદર્શિકા જારી કરી,

**એક્સપ્રેસ** વે પર ભારે વાહનોના પાર્કિંગ પર પ્રતિબંધ સહિતના નિર્દેશ કરાયા, બે મહિના પછી વધુ સુનાવણી

**નવી દિલ્હી, ૧૯(PTI):** એક્સપ્રેસ-વે વહીવટી નિષ્ક્રિયતા અથવા માળખાગત ખામીઓને કારણે 'જોખમના કોરિડોર' ન બનવા જોઈએ તેવું અવલોકન કરતા સુપ્રીમ કોર્ટે માર્ગ સુરક્ષા વધારવા માટે સમગ્ર દેશમાં લાગુ પડે તેવી માર્ગદર્શિકા જાહેર કરી છે, જેમાં આવા રસ્તાઓ પર ભારે વાહનોના પાર્કિંગ પર પ્રતિબંધનો પણ સમાવેશ થાય છે.

જસ્ટિસ જે.કે. મહેશ્વરી અને એ.એસ. ચાંદુરકરની ખંડપીઠે નોંધ્યું હતું કે રાષ્ટ્રીય ધોરીમાર્ગો ભારતના કુલ રસ્તાઓની લંબાઈના માત્ર બે ટકા છે, પરંતુ કુલ માર્ગ અકસ્માતના મોતમાં તેમનો હિસ્સો લગભગ ૩૦ ટકા છે. ૧૩ એપ્રિલના રોજ આપેલા તેના આદેશમાં સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે, ભારતના બંધારણની કલમ ૨૧ હેઠળ મળેલો 'જીવવાનો અધિકાર' એ માત્ર ગેરકાયદેસર રીતે જીવ લેવા સામે રક્ષણની ગેરંટી નથી, પરંતુ રાજ્ય પર એક સકારાત્મક આદેશ છે કે તે એવું સુરક્ષિત વાતાવરણ સુનિશ્ચિત કરે જ્યાં માનવ જીવનનું જતન અને મૂલ્ય જળવાય. અદાલતે આ આદેશ ૨ અને ૩ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ રાજસ્થાનના ફલોદી અને તેલંગાણાના રંગારેડ્ડીમાં થયેલા શ્રેણીબદ્ધ માર્ગ અકસ્માતોમાં ૩૪ લોકોના મોત બાદ નોંધાયેલા સુઓ મોટુ કેસમાં આપ્યો હતો.

અદાલતે નિર્દેશ આપ્યો છે કે કોઈપણ ભારે કે વ્યાપારી વાહન રાષ્ટ્રીય ધોરીમાર્ગના મુખ્ય માર્ગ અથવા પેવ્ડ શોલ્ડર (રસ્તાની બાજુની પટ્ટી) પર નિયુક્ત બે, લે-બાય અથવા સુવિધા કેન્દ્ર સિવાય ક્યાંય ઉભું રાખી શકાશે નહીં. આ આદેશના અમલીકરણ માટે એડવાન્સ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ (ATMS) દ્વારા પોલીસને રિયલ-ટાઈમ એલર્ટ, GPS ટાઈમસ્ટેમ્પવાળા ફોટોગ્રાફિક પુરાવા અને સંકલિત ઈ-ચલણનો ઉપયોગ કરવામાં આવશે.

એક મહત્વના નિર્દેશ મુજબ, રાષ્ટ્રીય ધોરીમાર્ગના 'રાઈટ ઓફ વે' (ROW) ની અંદર કોઈ પણ નવા ઢાબા, ખાણીપીણીની દુકાન કે વ્યાપારી બાંધકામ પર તાત્કાલિક

...અનુસંધાન પાના 2 પર

## ઈટાલીમાં બે ભારતીય શખ્સોની ગોળી મારીને હત્યા

**બૈસાખીની** ઉજવણી વખતે બંને જણા ગુરુદ્વારામાંથી બહાર નિકળી રહ્યા હતા ત્યારે કોઇ અજાણ્યો શખ્સ ગોળીઓ મારીને ભાગી ગયો

**એક** સાક્ષીના જણાવ્યા પ્રમાણે હુમલાખોર પણ ભારતીય જ હતો, જૂની અદાવતમાં હત્યા થઇ હોવાની શંકા



**રોમ, તા. ૧૯(પીટીઆઈ):** ઈટાલીના બેરગામો પ્રાંતના કોવોમાં બે ભારતીય પુરુષોની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. સ્થાનિક મીડિયાએ રવિવારે અહેવાલ આપ્યો હતો કે, આ ઘટના ત્યારે બની જ્યારે તેઓ વૈશાખી ઉત્સવ માટે એકઠા થયેલા લોકો સાથે પ્રાર્થના સ્થળ તરીકે વપરાતા એક ગોડાઉનમાંથી બહાર નીકળી રહ્યા હતા.

'લા સિસિલિયા' અખબારના જણાવ્યા અનુસાર, આ હુમલો શુક્રવારે મધ્યરાત્રિના થોડી મિનિટો પહેલા શહેરના ઔદ્યોગિક વિસ્તારમાં આવેલા ગુરુદ્વારા માતા સાહિબ

...અનુસંધાન પાના 2 પર